રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક
અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં
આચાર્યની ભરતી માટેની આચાર્ય
અભિરૂચિ કસોટી(HMAT) બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ
સચિવાલય ગાંધીનગર
તારીખ: ૯.૮.૨૦૧૭

<u>વંચાણે લીધા:</u>

(૧) શિક્ષણ વિભાગના તા:૧૧/૦૨/૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૨/બીએમએસ-૧૧૦૯-૧૯૦૬-જી.

(૨) શિક્ષણ વિભાગના તા:૨૩/૦૨/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૭/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી.

(૩) શિક્ષણ વિભાગના તા:૦૩/૦૨/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૩/બીએમએસ/૧૧૦૯/જી.

(૪) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરનો તારીખ ૧૨.૬.૨૦૧૭નો પત્ર ક્રમાંક : રાપબો/સંકલન/૨૦૧૭/૨૮૩૭.

<u>પ્રસ્તાવના:</u>

આમુખ-(૧) થી રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકેની પાત્રતા નક્કી કરવા માટે આચાર્ય અભિરૂચિ કસોટી(Head Masters Aptitude Test) ઉત્તીર્ણ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

આચાર્યની પાત્રતા નક્કી કરતી પ્રક્રિયામાં એકરૂપતા જળવાય અને ઉમેદવારો આયોજન પૂર્વક પરીક્ષાની તૈયારી કરી શકે તે માટે આચાર્ય માટેની આચાર્ય અભિરૂચિ કસોટી માટે અભ્યાસક્રમ તૈયાર કરવાની તેમજ આચાર્ય અભિરૂચિ કસોટીઓના આયોજન, સુચારૂ સંચાલન અને અમલીકરણ સંબંધી નિયમો બનાવવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાના અંતે રજિસ્ટર થયેલી બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી માટેની પાત્રતા નક્કી કરવા માટે આવશ્યક આચાર્ય અભિરૂચિ કસોટી (Head Masters Aptitude Test) માટે નીચે મુજબના નિયમો ઠરાવવામાં આવે છે. આચાર્ય અભિરૂચિ કસોટીઓનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

1. **આચાર્ય અભિરૂચિ કસોટી(Head Masters Aptitude Test):**

રજિસ્ટર થયેલી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકેની ઉમેદવારી કરવા માટે આચાર્ય અભિરૂચિ કસોટી ઉત્તીર્ણ કરવાની રહેશે.

**1.1. ઉમેદવારની લાયકાત:**

રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકેની ઉમેદવારી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં વખતોવખત થતા સુધારા વધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત તેમજ નિયત અનુભવ ધરાવતા ઉમેદવાર જ આ આચાર્ય અભિરૂચિ કસોટી માટે ઉપસ્થિત થઇ શકશે.

**1.2. અભ્યાસક્રમ:**

**વિભાગ-૧: સામાન્ય અભ્યાસ (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

**(ક) સામાન્ય જ્ઞાન (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)**

- બંધારણની મૂળભૂત ફરજો (Fundamental Duties-Article-51(A))
- ગુજરાતી સાહિત્ય
- રાજનીતિ અને શાસનતંત્ર (રાજ્ય અને દેશ)પ્રવાહો અને માળખુ
- વિજ્ઞાન અને ટેકનોલોજી
- ખેલકૂદ અને રમતો
- મહાન વિભૂતિઓ(દેશ)
- સંગીત અને કલા,
- ભારતનો ઇતિહાસ
- ભારતની ભૂગોળ
- વર્તમાન પ્રવાહો

**(ખ) શિક્ષણનાં વર્તમાન પ્રવાહો અને શૈક્ષણિક અભિયોગ્યતા (૨૫ પ્રશ્નો) (૨૫ ગુણ)**

- શિક્ષણપંચો અને શિક્ષણ નીતિ, શિક્ષણમાં નૂતન પ્રવાહો, શિક્ષણ સુધારણા અને પહેલ (રાજ્ય અને દેશ કક્ષાએ), રાષ્ટ્રીય અભ્યાસક્રમ પરિચર્યા-૨૦૦૫, શિક્ષણ ક્ષેત્રે કાર્યરત રાજ્ય અને રાષ્ટ્રીય સંસ્થાઓનું માળખું અને કાર્યો (એન.સી.ઇ.આર.ટી., નુપા, એન.સી.ટી.ઇ.,સી.બી.એસ.ઇ., .મા.અને ઉ.મા.શિ.બોર્ડ, જી.સી.ઇ.આર.ટી., પાઠ્યપુસ્તક મંડળ)
- શીખવવાના કૌશલ્યો
- શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ
- શિક્ષણમાં નવીનીકરણ લાવવાની આવડત
- આચાર્યનું માનસિક સ્વાસ્થ્ય.
- શિક્ષણમાં નવીન પ્રવિધિઓનું જ્ઞાન અને અમલીકરણ
- ક્રિયાત્મક સંશોધન
- SCE (શાળાકીય સર્વગ્રાહી મુલ્યાંકન)

**(ગ) તાર્કીક અભિયોગ્યતા (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)**

**(ઘ) શાળાકીય નેતૃત્વ(૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)**

- મેનેજમેન્ટના મૂળ સિદ્ધાંતો
- શાળાના સંદર્ભમાં મેનેજમેન્ટના સિદ્ધાંતો
- વ્યવસ્થાપનના કાર્યો અને ફરજો
- માનવ સંશાધનના સિદ્ધાંતો

- નેતૃત્વના ગુણો

(ચ) ગુજરાતી ભાષાકીય પ્રાવીણ્ય (લેખન, વાચન, કથન, શ્રવણકૌશલ્ય) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

- વ્યાકરણ (જોડણી, વિરોધી, સમાનાર્થી, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિરામ ચિન્હ, અનેકાર્થી, પર્યાયીશબ્દો વિગેરે)
- સંક્ષેપલેખન
- સારગ્રહણ
- ભૂલશોધ અને સુધારણા
- શીર્ષક
- સારાંશ.

(છ) અંગ્રેજી ભાષાની જાણકારી (ધોરણ-૧૨ સુધી) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

- સામાન્ય વ્યાકરણ
- ભાષાંતર, સ્પેલીંગ
- સુધારણા કરવી
- શબ્દ રચના
- ચિત્ર આધારીત પ્રશ્નો.

વિભાગ-૨ વહીવટી સંચાલન (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)

- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનું માળખું, તેની કચેરીઓનું કાર્ય અને પરસ્પર વ્યવહારતેમજ આંતર સંબંધો (શિક્ષણ વિભાગ , કમિશ્નર કચેરી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, જી.સી.ઇ.આર.ટી., પાઠ્યપુસ્તક મંડળ,જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીવિગેરે)
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨.
- ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪.
- ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૬૪.

**1.3.** પરીક્ષાનું માધ્યમ:

- આ કસોટી ગુજરાતી માધ્યમમાં યોજવામાં આવશે.

**2. આચાર્ય અભિરૂચિ કસોટીનું માળખુ:**

**2.1.** આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી પ્રશ્નો સ્વરૂપની (Multiple Choice Question Based-MCQs) OMR આધારીત રહેશે.

**2.2.** આ કસોટી બે વિભાગમાં રહેશે. વિભાગ-૧ માં ૧૦૦ પ્રશ્નો રહેશે તથા વિભાગ-૨ માં ૧૦૦ પ્રશ્નો રહેશે.

**2.3.** આ કસોટીમાં વિવિધ હેતુલક્ષી ૨૦૦ પ્રશ્નો રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનીટનો રહેશે.

**2.4.** આ કસોટીના બંન્ને વિભાગ અને તમામ પ્રશ્નો ફરજીયાત રહેશે. આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.

**2.5.** દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.

**2.6.** આ કસોટીના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.

**2.7.** પ્રશ્નપત્રોની રચના સંપૂર્ણ ગોપનીયતા સાથે જે તે વિષયની લાયકાત અને અનુભવ ધરાવતા તજજ્ઞો દ્વારા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવાની રહેશે.

**2.8.** કસોટી આયોજન, સંચાલન અને અમલીકરણ માટે અલાયદા નિતી-નિયમો અને જાહેરનામુ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવશે.

**3. પરીક્ષા ફી:**

**3.1.** આચાર્ય અભિરૂચિ કસોટી માટેની ફી રાજ્ય પરીક્ષા બોર્ડ વખતોવખત નક્કી કરે તે પ્રમાણે રહેશે.

**4. આચાર્ય અભિરૂચિ કસોટીમાં પસંદગી પામવાનાં ધોરણો:**

**4.1.** આચાર્ય અભિરૂચિ કસોટીમાં પાસ થવા માટે ઉમેદવારે કુલ ગુણના ૫૦% ગુણ એટલે કે કુલ ગુણ ૨૦૦ માંથી બંન્ને વિભાગના મળીને ૧૦૦ ગુણ કે તેથી વધારે ગુણ મેળવવાના રહેશે.

**4.2.** આ કસોટી રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકેની ઉમેદવારી કરવા માટે જરૂરી લાયકાત મેળવવા માટેની છે, આ કસોટી પાસ કરવાથી આચાર્ય તરીકેની પસંદગીનો હક પ્રસ્થાપિત થતો નથી.

**5. આચાર્ય અભિરૂચિ કસોટીના પ્રમાણપત્રની અવધિ:**

**5.1.** આચાર્ય અભિરૂચિ કસોટીના પ્રમાણપત્રની અવધિ પરીણામની તારીખથી પાંચ વર્ષ સુધીની રહેશે.

**5.2.** એક વાર આચાર્ય અભિરૂચિ કસોટી આપી દીધા પછી કોઇપણ ઉમેદવાર પોતાના ગુણાત્મક સુધારા અને સારા મેરીટ માટે એક કરતા વધુ વખત પરીક્ષા આપી શકશે અને તેવી સ્થિતિમાં ઉમેદવાર ભરતી વખતે જે કસોટીનું જે પ્રમાણપત્ર રજૂ કરશે તે ધ્યાને લેવામાં આવશે.

**5.3.** માત્ર સફળ ઉમેદવારોને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમાં ઉમેદવારનું નામ, સરનામું, પરીક્ષા કેન્દ્રનું નામ અને કોડનંબર, જન્મ તારીખ, ઉમેદવારનો બેઠક નંબર, કસોટી આપ્યાનો માસ અને વર્ષ તથા દરેક વિભાગમાં મેળવેલ ગુણ દર્શાવવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

(એન.એલ.પુજારા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા. અને મા.), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા., સરકારી પુસ્તકાલય સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સિલેક્ટ ફાઇલ
- **નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ** ફાઇલ
- [illegible] શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર [illegible]